# Official Spokesperson's response to a media query on Pakistan’s official remarks in response to the media report on seizure of suspected material (uranium) in Bokaro last week

June 10, 2021

---

# ગયા સપ્તાહમાં બોકારો ખાતેથી જપ્ત થયેલી શંકાસ્પદ સામગ્રી (યુરેનિયમ) અંગે મીડિયા અહેવાલો પર પાકિસ્તાનની સત્તાવાર ટિપ્પણી વિશે મીડિયાના સવાલો અંગે સત્તાવાર પ્રવક્તાનો જવાબ

જૂન 10, 2021

**ગયા સપ્તાહમાં બોકારો ખાતે શંકાસ્પદ સામગ્રી (યુરેનિયમ)ની જપ્તિ અંગે મીડિયાના અહેવાલો પર પાકિસ્તાનની સત્તાવાર ટિપ્પણી વિશે મીડિયાના સવાલોનો જવાબ આપતા સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું:**

"ભારત સરકારના અણુ ઉર્જા વિભાગે સામગ્રીના પૂરતા મૂલ્યાંકન અને લેબોરેટરી વિશ્લેષણ પછી જણાવ્યું છે કે ગયા સપ્તાહમાં જપ્ત કરવામાં આવેલી સામગ્રી યુરેનિયમ ન હતી તથા રેડિયોએક્ટિવ ન હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે મીડિયા રિપોર્ટના આધારે ભારત વિશે જે અણછાજતી ટિપ્પણી કરી છે તે દર્શાવે છે કે તેમણે હકીકતોની ચકાસણી કર્યા વગર ભારતને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

હું અહીં એ બાબતની પુનઃખાતરી આપું છું કે આંતરરાષ્ટ્રીય સ્તરે નિયંત્રિત પદાર્થો માટે ભારત અત્યંત ચુસ્ત કાયદા આધારિત નિયમનકારી સિસ્ટમ ધરાવે છે જેનું આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા માન્ય કરવામાં આવેલી અમારી ચુસ્ત બિન-પ્રસાર ઓળખમાં પ્રતિબિંબ પડે છે.”

**નવી દિલ્હી**
**જૂન 10, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.